## પ્રમુખીય

# દ્વિદલ પર્ણ

સિતાંશુ યશશ્ચન્દ્ર

### લેખાંક-૨

### ૧. સંસ્થાઓ અને સત્તા : એક સંબંધ-મીમાંસા

પ્રિય વાચક, 'સર્જકતા, સ્વાયત્તતા અને સંસ્થાઓ' વિશે ગતાંકે શરૂ કરેલા વિમર્શમાં જે એક સંજ્ઞા હવે વિચારવી જોઈએ એ છે 'સત્તા'. સત્તાની રાતી આંખ સામી મંડાય ત્યારે નજર ઝુકાવનારને સાહિત્યકાર તરીકે સ્વીકારનાર સમાજ પોતાનું સ્વમાન, સ્વાતંત્ર્ય અને સર્જકતા વહેલાં-મોડાં ગુમાવી બેસે છે. સ્વમાન માટેની ખેવના અને પોતીકી સર્જકતા ગુમાવી બેઠેલો સમાજ વહેલો-મોડો પોતાનું રાજકીય (ધાર્મિક અને આર્થિક) સ્વાતંત્ર્ય પણ ગુમાવી બેસે. આ વિશેના વિમર્શને અહીં આગળ વધારીએ.

આ સંદર્ભે અહીં 'સત્તા' એટલે 'પાવર'. રાજ્યની (અને ધર્મની, અર્થકારણની) સત્તા, એનો 'પાવર'. પણ 'રાજ્ય' એટલે શું ? 'રાજ્ય' વિશેનો આધુનિક ગુજરાતી વિમર્શ ત્રણ પગલે, જાણે વામનમાંથી વિરાટ બનતો, આગળ વધ્યો છે, એ જોઈએ : 'રાજ્ય' શબ્દનો મૂળ અર્થ કવિ નર્મદે 'રાજ્યરંગ' (૧૮૭૧-૭૬) પુસ્તકમાં જે તારવ્યો છે એ ભૂલવા જેવો નથી - પ્રજાએ અને રાજ્યે, બન્નેએ યાદ રાખવા જેવો છે. નર્મદ એને - રાજ્' ધાતુ સાથે જોડે છે. 'રાજવું' એટલે 'શોભવું'. રાજ્યસત્તા ક્યારે શોભે ? જ્યારે એ સંસ્થાનવદી ન હોય, સ્વરાજવાદી હોય ત્યારે. જ્યારે એ સંસ્થાનવાદી રીતે વર્તે ત્યારે એ શોભે નહીં, વરવી લાગે.

નર્મદના સમયમાં રાજ્યસત્તા નિર્લજ્જપણે સંસ્થાનવાદી હતી. આપણા સમયમાં એ થોડીક સલજ્જપણે સંસ્થાનવાદી વર્તન કરે છે કે કેમ, એ 'સ્વ-રાજ' સાચવવા માટે જોતા-તપાસતા રહેવું જોઈએ. એ સાહિત્યનું નર્મદ-દીધું એક પાયાનું કામ ગણાય.

નર્મદના સમયની વિદેશી વિજેતા સત્તા નિર્લજ્જપણે માનતી કે આપણા દેશની પ્રજા જાતે વિચાર કરી શકે, પોતાની સમાજવ્યવસ્થા જાતે ચલાવી શકે એટલી પુખ્ત નથી. એ બાલિશ પ્રજાની રાજ્યવ્યવસ્થા, વ્યવહારવ્યવસ્થા અને, ખાસ તો, વિચારની અને સંવેદનની વ્યવસ્થાઓ ચલાવી આપવાનું કામ એ વિદેશી રાજ્યસત્તાએ, સીધું અથવા પોતાનાં પ્યાદાં વડે કરી આપવું પડે એમ છે, એવું એ સંસ્થાનવાદી સત્તા અને એના ક્તિદાસો માનતા-મનાવતા. વિચારવાનું અને વ્યવસ્થાઓ, સંસ્થાઓ ચલાવવાનું કામ તો ગોરા શાસકોએ અને એમના હાથાઓએ જ કરવું પડે, નહીં તો એ ભોળી

(બાલિશ) પ્રજાનું અહિત થાય, એવા વિમર્શને એઓ ‘વ્હાઇટ મેન્સ બર્ડન’, ‘ગોરાઓએ ઉઠાવવાનો બોજો’ એ નામે ઓળખાવતા !

દાદાભાઈ નવરોજી (૧૮૨૫-૧૯૧૭) નામના એક ગુજરાતીએ, નર્મદે ‘રાજ્યરંગ’ લખ્યું તે પછી થોડાક જ દશકોમાં, દસ્તાવેજી પુરાવાઓ સાથે જાહેરમાં દર્શાવ્યું કે ગોરી સંસ્થાનવાદી રાજ્યસત્તા જે ‘વ્હાઇટ મેન્સ બર્ડન’ ઉઠાવે છે એ ભારતમાંથી વિલાયતમાં લઈ જવાતી અપાર ધનદોલતની ગાંસડીઓનો બોજો હતો ! (જુઓ : એમનું પુસ્તક, Poverty and Un-British Rule in India, 1902. એના મૂળમાં દાદાભાઈનું એક વ્યાખ્યાન, ૧૮૭૬-નું).

નર્મદે ગુજરાતને, દાદાભાઈએ યુરોપને જે વાત કહી તે વાત ત્રીજે પગલે, ૧૯૦૯માં ગાંધીએ ‘હિંદ સ્વરાજ’-માં જગતને કહી. સુજ્ઞ વાચક, તું એથી પરિચિત હશે જ. ગુજરાતની સંસ્કૃતિનાં આ ત્રણ વિરાટ પગલાં આજે વિસારે ન પાડીએ, સાથીઓ.

અઢારમી સદીના અમીચંદ જેમ કે ઓગણીસમી સદીના ‘રાજમાન રાજેશ્રી’ઓની જેમ, આ એકવીસમી સદીમાં હવે સ્વાર્થાંધ થઈને આજે આપણે પારોઠનાં પગલાં ભરીશું ? કે સ્વદેશ-વાત્સલ્યથી, આત્મ-સન્માન સાચવીને, આગેકદમ (જરૂર પડ્યે ફનાના પંથ પર આગેકદમ) કરવાનું કૌવત અને હિંમત કેળવીશું ? રણજિતરામની, ગોવર્ધનરામની, ગાંધીની અને ઉમાશંકરની ‘ગુજરાતી સાહિત્ય પરિષદ’ તે પ્રજાની સર્જકતાનાં આવાં પાયાનાં પરિબળોને ઓળખવા-ઓળખાવવાનું સ્થાન, એની દૃષ્ટિવંત અને નિર્ભય સર્જકતાની વાઙ્મય કેળવણીનું કેન્દ્ર – ન કે આજના ‘બ્રાઉન મેન્સ બર્ડન’-નાં જૂઠાણાંને સાચું ગણાવવાની ખુશામતખોરી કરતા વાઙ્મય-વાણિજ્ય-નિપુણોનું નવું સરનામું.

મકાનો તો સાહિત્યિક સંસ્થાઓનો અન્નમય કોષ. એ અલબત્ત જરૂરી. પણ સંસ્થાઓનો પ્રાણમય કોષ, આનંદમય કોષ, એ તો એની સ્વાતંત્ર્યપ્રીતિ, સ્વાયત્તતા વિશેની એની સાચી સમજણ. એનું જે જતન કરે એ રાજ્ય, નર્મદે કહ્યું છે એ રીતે, ‘રાજે’, શોભે, દીપી ઊઠે. એના પ્રાણને હણે અને એના શબને શણગારે, એ તો કોલોનિયલ પાવર. ગોવર્ધન ભવનના પ્રાણમય, આનંદમય કોષને રક્ષવા, પોષવા, વિસ્તરવાનું કામ આપણે રખે વીસરીએ.

- પરાયત્તતાનાં મહાલયો રજધનીમાં જણાશે, એવી નિર્લજ્જ જાહેરાતો કરનારાઓને કહેવાનું : ભલે, ‘રચો રચો અંબરચુંબી મંદિરો’.

ગફલત થઈ હોય તો એ સુધારી, આપણું રાજ્ય ફરી રાજે, શોભે, સ્વરાજનું રક્ષણ અને જતન કરે, એ શુભેચ્છા.

*

પાશ્ચાત્ય સંસ્કૃતિનાં મજબૂત ફેફસાંનું કામ આજ સૈકાઓથી કરનાર પૅરિસ શહેરની પ્રમુખ વિદ્યાસંસ્થા, ‘કૉલેજ દ ફ્રાંસ’માં આવી મીમાંસા કઈ રીતે વખતોવખત થતી રહે છે, એનું એક ઉદાહરણ છે ૧૯૭૫-૭૬ની સાલમાં વિચારક મિશેલ ફૂકોએ આપેલાં

જાહેર વ્યાખ્યાનો. એમનો વિષય હતો, 'સોસાયટી મસ્ટ બી ડીફેન્ડેડ'. એ વિચારકે કહ્યું છે તેમ 'People know what they do; frequently they know why they do what they do; but what they don't know is what what they do does.' 'Madness and Civilization'માંથી.) શું કરીએ છીએ, જે કરીએ છીએ એ કરવાનાં આપણાં પોતીકાં કારણ કયાં અને કેવાં છે, એટલું જાણ્યે વાત પૂરી થતી નથી. જે કરીએ છીએ એનાં વ્યાપક પરિણામ શાં અને કેવાં આવે છે, એની, 'વૉટ, વૉટ ધે ડૂ, ડઝ' એની, દૂરંદેશીભરી મીમાંસા કરતા રહેવું એ સંસ્કૃતિને સત્તાપ્રમત્તતામાંથી જુદી તારવવા માટે જરૂરી છે. સમાજ આપબળે, પોતાની સ્વાયત્ત સંસ્થાઓ વડે, સ્વસ્થ, સશક્ત અને સાચી સર્જકતાભર્યો બને એ માટે જરૂરી છે. પ્રજાગત સંસ્થાઓના ધણીઓ થવાની કેટલાકોની ધખનાથી, એવા 'લેખકો' અને 'વિચારકો'ના પેંતરાઓ સામે, પેલો ઇતિહાસજ્ઞ વિચારક કહે છે તેમ 'સોસાયટી મસ્ટ બી ડીફેન્ડેડ'. એ 'ડિફેન્સ'માં જોડાય એ રાજ્ય રાજે, એ પ્રજા પ્રાણવંત બને, એ સાહિત્ય વિશ્વના મંચ ઉપર પોતાનો અવાજ, આપણો, ગુજરાતી અવાજ સંભળાવવા સક્ષમ બને. સર્વને સાબદા રહેવાની શુભેચ્છા.

*

## ૨. સમકાલીન ભારતીય કવિતા : આપણી વાત આપણી રીતે

**લેખાંક : ૩૦**

**પ્રજા-પ્રાણ-શક્તિની વાત રમત રમતમાં કરી શકતી એક કવિતા : 'શરારતી બચ્ચા'**

એક સાવ સરળ (અને ખસી સંકુલ, અને સાથે થોડી તોફની) કૃતિની વાત આજે કરવી છે, પ્રિય ભાવક. કેવી રચના છે આ ? સહસા જાણે 'હાઉક' કરીને બહાર આવતું કોઈ 'બદમાશ' બાળક ! ('હાય ! લુચ્ચા, ડરી ગઈ એવી હું તો, હં !' એવું ખૂબ વહાલથી જેને ભાવક ચેતના, જશોદા જેવો ક્રોધ કરીને કહી ઊઠે એવું તોફાની !) એવી મને લાગેલી આ રચનાની વાત એના પાઠથી શરૂ કરીએ !

**તોફાની છોકરો / વિશ્વનાથ પ્રસાદ તિવારી**

**શિયાળાની ટાઢીબોળ સવારે**
**થનગનતે પગલે**
**જાય છે આ છોરો**

**પીઠ ઉપર દફતર લઈને,**
**જાણે લાદી દીધી છે આખી ધરણી,**
**જાય છે આ છોરો**

**પ્રાતઃભ્રમણ કાજે નીકળેલા**
**મરિયલ રાજપુરુષો**
**અને ડુંડાળી મહિલાઓને**

**પોતાનાં મોંઢાં બનાવીને ચીઢવતો**

**મંદિર પર મસ્જિદ પર**
**માટીના ઢેખાળા ફેંકતો**
**જાય છે આ છોરો**

**સ્કૂલ પ્રત્યે પાછો આવશે એ**
**જશે ખેલના મેદાનમાં**
**લંગડી લગાવશે ભાઈબંધોને**
**ચૂંટિયા ભરી લેશે લાગ આવતાં**
**સીટી વગાડશે**
**ખીજવશે ગુરુજનોને વૃદ્ધજનોને**

**આ ખેપાની છોકરો**
**ખેલ ખેલમાં બનાવી લેશે**
**રાજા, રાણી, મંત્રી, સિપાઈ,**
**છોડી દો, પિતાજી**
**જવા દો આ તોફાની છોરાને**
**મારો નહીં એને**

**આવતા રાજપર્વે**
**જ્યારે રાજપથે નીકળશે રાજવી નિર્વસ્ત્ર**
**અને એમનાં અદૃશ્ય અલૌકિક વસ્ત્રોનો**
**ગજવશે જયજયકાર**
**પ્રજ્ઞાચક્ષુ કલાકારો**
**ત્યારે આ છોરો જ તો ટોકશે તીણે મોટ્ટે અવાજે**
**'અરે, આ રાજા તો નાગો છે'.**

(અનુ. સિ. કવિ સાથે ફોન પર પાંચ તળપદા હિંદી શબ્દોની અર્થછાયાઓની ચર્ચા કરીને.)

*

પ્રિય વાચક, એક વાત શરૂઆતે જ કહી દઉં ? તિવારીજી જો આખો વખત ફક્ત ભેડિહારીમાં રહ્યા હોત, કે માત્ર ગોરખપુરમાં, કે કેવળ દિલ્લીમાં તો આ કવિતા એ લખી શક્યા ન હોત ! મારવી છે બેટ ? – ના, ના. સૉરી. વાચકસાહેબ, સાચી વાત તમારી : આમ ભેડિહારી-બેડિહારી, બેટ-વેટ ને તિવારીજી કર્યા કરું શરૂઆતે જ, તો કોઈને કશું સમજાય નહીં. સૉરી. આ કવિતામાં આવતા તોફાની છોકરાના મૂડમાં હું આ ઉંમરે પણ આવી ગયો ! વળી એ પણ ખરું કે એમાં આલેખાયેલો લૅન્ડ સ્કેપ પણ સવાલો કરાવે એવો છે !

'શિયાળાની ટાઢીબોળ સવારે / થનગનતે પગલે / જાય છે આ છોરો', જોયું ? સમય તો સમજાયો, ઉત્તર ભારતના શિયાળાની વહેલી સવાર. પણ સ્થળ ?

આ છોકરો જ્યાં ચાલે છે એ જગ્યા, કઈ, કેવી, ક્યાંની છે, એ વાતે, ટુ બી ફ્રૅન્ક, હું જરા મૂંઝાણો છું. એમાં આ બોલી ગયો, તમને ! આ રચનામાં આલેખાયેલો લૅન્ડ

સ્કેપ ક્યાંનો એ નક્કી કરવું શા માટે મુશ્કેલ છે, એ આ રચનાનો 'આધુનિક ઘનપાઠ' કહેતાં ક્લોઝ રીડિંગ કરતાં કળી શકાય.

શું શું જુએ છે ? માત્ર કવિ 'દ્રષ્ટા' જ ? જોનાર ત્રણ કે વધારે જણ છે, ન કે કોઈ એક જ, એ વાત ધ્યાનમાં આવે ત્યારે આ કવિતા જે દેખાડે છે, એનું સ્વરૂપ પણ વધારે સ્પષ્ટતાથી અને ઊંડાણથી જોઈ શકાય.

પહેલી કડીમાં જોનાર છે કવિ/કથક. કવિ ભેગો વાચક પણ જુએ છે : 'જાય છે આ છોરો'. પણ જોવા જેવું બીજુંયે છે. બીજી કડી વાચકની આંખે વાંચો અને પછી ભાવકની નજરે જુઓ : 'પીઠ ઉપર દફતર લઈને / જાણે લાદી દીધી છે આખી ધરણી / જાય છે આ છોરો.' દફતર છે. ભારે છે. આંખે જોવાનું છે, સ્નાયુઓથી પણ એનો ભાર અનુભવવાનો છે. એ રીતે 'વાંચવાની' છે આ રચના : આખી ધરણી એને ખભે લાદી છે છતાં થનગનતી ચાલે જાય છે, એ છોકરો.

દૃશ્ય હવે વિસ્તરે છે : 'પ્રાતઃભ્રમણ કાજે નીકળેલા / મરિયલ રાજપુરુષો / અને ડુંડાળી મહિલાઓ' હવે કવિને દેખાય છે, ભાવકને એ બતાવે છે. એ બે ઉપરાંત, પોતાની રીતે, ત્રીજું જોનારું છે પેલો છોરો !

છોરાનું શું, નાનકા અમથાનું ? - કોઈ પૂછશે. એનું તો એવું કે એ માત્ર જુએ નહીં, કશુંક કરે. શું કરે ? એવું કરે જે પેલા બીજા બે જોનારા ન કરી શકે, છોરો જ કરી શકે અને કરે. – અરે, સિતાનસુભાઈ, રેવા ધો, ગાંઠનું બઉ નો ઉમેરો, બાપલા ! ના, ના, વાચકરાજા ! કવિતામાં જે છે એ જ વંચાણે લ્યો એટલું જ માગું, રાજા ! – ઠીક, રાજા રાજા કરે છો તો જાવા દઈએં છીએં આ વખત. – પ્રિય વાચક, 'રાજા' અને 'એક વાર જવા દેવું' એ બે બાબતો માટે તારી આગોતરી માફી માગી, સમજાવું કે પેલો કવિતાવાળો નાનકો અમથો છોરો એવું શું જુએ છે અને કરે છે જે કવિતાવાળા બીજા બે નથી જોતા અને કરતા ? પણ, લો, હું હટી જાઉં, તું જ પ્રત્યક્ષ થા કવિતાની આ પંક્તિઓને : 'પ્રાતઃભ્રમણ કાજે નીકળેલા / મરિયલ રાજપુરુષો / અને ડુંડાળી મહિલાઓને / પોતાનાં મોઢાં બનાવીને ચીઢવતો / ... જાય છે આ છોરો.' જોયો ? આ ચોથી પંક્તિવાળો છોકરો ? એ ચીજ તો એ જ કરી શકે, ખરું ને ?

ઉપરાંત એ જ કરી શકે, ન કોઈ અન્ય, એવી ચીજો છે, જેની વાત કરવા માટે તો વિશ્વનાથ પ્રસાદ તિવારીજીએ આ કવિતા લખી છે ! એ કામો છે :

'મંદિર પર મસ્જિદ પર / માટીના ઢેખાળા ફેંકતો / જાય છે આ છોરો. / સ્કૂલ પ્રત્યે પાછો આવશે એ / જશે ખેલના મેદાનમાં / લંગડી લગાવશે ભાઈબંધોને / ચૂંટિયા ભરી લેશે લાગ આવતાં / સીટી વગાડશે ખીજવશે ગુરુજનોને વૃદ્ધજનોને.'

– 'આવડી ધૂન્ય મચાવે વ્રજમાં, કોઈ નહીં રોકણહાર રે ?' યાદ આવે છે ને ? તો હાઉં.

પણ અહીં, આ જે વર્ચ્યુઅલ સ્પેસ કહેતાં પ્રતીયમાન પ્રદેશ યા વર્તમાન ભારતીય કવિતાનું આ કાવ્યગત સ્થળ છે, એમાં કોઈ જશોદા 'મારો કાનો ઘરમં હૂતો' ને 'જૂઠી વ્રજની નાર રે' એમ કહેવા આવતું નથી. અહીં નરીઓ તો રાજધાનીમાં કૌભાંડ-કુશળ

પતિદેવોની 'તોંદિયલ મહિલાઓ' છે. એમની સામે કોઈ રખડેલ છોરાથી મોં બનાવાય ? અને મંદિર અને મસ્જિદ સામે સરખા મસ્ત ભાવથી ઢેફાળા ફેંકાય ? એનો બાપ એને મારવા લે જ ને ?

અને લે જ છે. સત્તાના અને સત્તાખોરોના ગઢ જેવા રાજનગરમાં મૉર્નિંગ વૉક માટે નીકળેલા મહામૂલી શાલો ઓઢી, સ્વેટરો-ટોપીઓ લગાવી આવેલા 'મરિયલ રાજપુરુશોં ઔર તોંદિયલ મહિલાઓં કો' જો વહેલી સવારે સ્કૂલે જવા નીકળેલો, ટાઢે થરથરતો છોકરો મોંઢાં બનાવીને ચીઢવે, તો શું થાય ? 'યહ ખિલદંડ બચ્ચા', એને એનો બાપ પકડે અને મારવા લે. બીજું બાપડો કરેયે શું, એ સારું સ્વેટર દીકરા માટે ખરીદી ન શકતો, પોતાની ગાડી તો શું સ્કૂટર ઉપર પણ સવારની સ્કૂલે ન લઈ જઈ શકતો ગરીબડો બાપ ? રાજધાનીમાં રહેવું ને આ મગરો અને શાર્કો સાથે વેર ? પરવડે નહીં – 'માબાપ, એવા કરું જો હું ચાળા', આ છોરાને છાવરવાના, તો...

પણ હવે એક ઇન્ટરવેન્શન આવે છે, હસ્તક્ષેપ, કવિનો હસ્તક્ષેપ. જુઓ અને સાંભળો : 'છોડ દો પિતા / ઇસ શરારતી બચ્ચે કો / મત મારો.'

આ હસ્તક્ષેપ કરનાર જે છે તે ખરો કવિ છે. ખરો લેખક છે. નહીં કે વરસના બારને હિસાબે, રાજાના પગ પાસે બેઠો બેઠો, પોતાની બાર ને મળતિયાઓની મળતિયા દીઠ બાર બાર, ને રાજા કહે તેવી ચોવીસ ચોપડીઓ પ્રજાને હિસાબે ને જોખમે, વરસે વરસે છપાવ છપાવ કરતા કોઈ હજૂરિયા.

'શરારતી બચ્ચા' એ કવિના હસ્તક્ષેપની કવિતા છે. એટલે જ એ કવિનું સરનામું નક્કી કરવું મુશ્કેલ છે. પ્રિય વાચક, એક વાત ફરી એક વાર કરી લઉં ? તિવારીજી જો આખો વખત ફક્ત ભેડિહારીમાં રહ્યા હોત, કે માત્ર ગોરખપુરમાં, કે કેવળ દિલ્લીમાં તો આ કવિતા એ લખી શક્યા ન હોત ! મારવી છે બેટ ? - ના, ના, દોસ્ત. આ તો થોડી દિલ્લગી, તારી સાથે, આ વિદાય વેળાની આપની બેઠકોમાં ! કેમ કે, રાજાના હજૂર્રિયાઓનું જો ચાલે તો, એમણે આગોતરું ફરમાવ્યું છે તેમ 'નદીની રેતમાં રમતું નગર મળે ન મળે' !

ભેડિહારી પૂર્વી ઉત્તર પ્રદેશનું નાનકડું ગામ, જ્યાં તિવારીજીનો જન્મ, ગોરખપુર, નજીકમાં જ, જ્યાં એમણે અભ્યાસ કર્યો અને અધ્યાપન કર્યું આજીવન, અને હવે (મારાથી એક વરસે એ મોટા) એ જ્યાં નિવાસ કરે છે. અને દિલ્લી ! જ્યાં દેશની બધી ભાષાઓની સાહિત્ય અકાદેમીના એના હજી અકબંધ રહેલા બંધારણ મુજબ ભારતભરના લેખકોની બનેલી સમિતિએ ચૂંટેલા પ્રમુખ, આ ગયા પાંચ વરસ હતા. પણ, પ્રિય અને સુજ્ઞ વાચક, તું જાણે છે કે જેમ આપણા દેશમાં જગ્યાએ જગ્યાએ પોતપોતાની ગંગા છે (દમણ ગંગા અને બાણ ગંગા તો ગુજરાતીઓને જાણીતી) ને સ્થળે સ્થળે પાંડવોની ગુફાઓ છે, તેમ રાજ્યે રાજ્યે અને કદાચ જિલ્લે જિલ્લે દિલ્લી પણ છે જ ને, હવે ?! તો, જે પોતાના ભેડિહારીથી પોતાના દિલ્લી સુધી 'ચેત મછંદર'વાળું ઇન્ટરવેન્શન કરી શકે, કવિનો નિર્ભય-સદય, સ્વાયત્ત-સ્વસ્થ હસ્તક્ષેપ કરી શકે, એવા સશક્ત અને સચા સ્વરોની ખોટ ગુજરાતી ભાષાને, ગુજરાતી સાહિત્યને અને આપણી આ સ્વાયત્ત ગુજરાતી સાહિત્ય

પરિષદને કદી ન પડો.

એ ક્રિએટીવ ઇન્ટરવેન્શનની પોતીકી સર્જકતાને, સચેત વાચક, તું સુપેરે સમજે છે, એટલે આ સૌમ્ય-દૃઢ રચનાનો અંતિમ અંશ, વિના ખલેલ (પણ તને ‘રાજા’ કહ્યો હતો એ તો આપણી ત્રણેક વરસ જૂની દોસ્તીના મસ્તાના હેતમાં, એ કહી !) તારી પાસે મૂકું :

**આવતા રાજપર્વે**
**જ્યારે રાજપથે નીકળશે રાજવી નિર્વસ્ત્ર**
**અને એમનાં અદૃશ્ય અલૌકિક વસ્ત્રોનો**
**ગજવશે જયજયકાર**
**પ્રજ્ઞાચક્ષુ કલાકારો**
**ત્યારે આ છોરો જ તો ટોકશે તીણે મોટ્ટે અવાજે**
**‘અરે, આ રાજા તો નાગો છે.’**

– આપણો રાજા એની આસપાસ ફરી વળેલા ફૅશન ડિઝાઈનરોએ એમને થોડી વાર તો પહેરાવી દીધેલા ઝરિયાના અને ઝાકઝમાળ વસ્ત્રોમાં હવે તો જાહેરમાં સવારી ન કાઢે, બલ્કે રાજ્યકર્તાને છાજે એ રીતે સાહિત્યની સંસ્થાઓની છીનવાયેલી સ્વાયત્તતાને ફરી કાયમ કરીને સાચવી લે, પોતાને યે, એ અપેક્ષા. રાજવી અને રાજ્ય બન્ને રાજે, ન કે લાજે, એ હૃદયભર શુભેચ્છા સાથે…

સપ્ટેમ્બર ૨૮, ૨૦૨૦
સમા, વડોદરા

❑